For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# છેતરપિંડીના ૬ કિસ્સામાં રૂ.૫૯.૭૧ લાખ ગુમાવ્યા

વડોદરા શહેર અને જિલ્લામાં ઓનલાઈન છેતરપિંડીના અલગ-અલગ કિસ્સાઓમાં સાયબર ઠગોએ લોકોની લાલચ અને વિશ્વાસનો લાભ લઈ લાખો રૂપિયા પડાવી લીધા છે. શેરબજારમાં રોજનો 10 ટકા નફો અપાવવાની લાલચ આપી વેપારી પાસેથી રૂ.17.75 લાખ પડાવી નકલી એપમાં રૂ.2.70 કરોડનો નફો બતાવવામાં આવ્યો હતો. અન્ય કિસ્સામાં બજાજ ફાઈનાન્સના કર્મચારી બની એન્જિનિયર પાસેથી રૂ.18.38 લાખ પડાવી બનાવટી NOC મોકલાઈ હતી. મોતીલાલ ઓસ્વાલના નામે નકલી વેબસાઈટ બનાવી વેપારી પાસેથી રૂ.20.69 લાખ પડાવાયા હતા. ટ્રાફિક દંડની બનાવટી લિંક ખોલતાં શાકભાજીના વેપારીના ખાતામાંથી રૂ.98 હજાર ઉપડી ગયા હતા. સિંધરોટના નિવૃત્ત વ્યક્તિના મોબાઈલમાં અજાણી APK ફાઈલ મારફતે રૂ.98 હજાર ટ્રાન્સફર થયા હતા. જ્યારે ડભોઈના યુવકને કુરિયર ટ્રેકિંગના બહાને કસ્ટમર સપોર્ટ APK ખોલાવ્યા બાદ રૂ.93 હજારનો ચૂનો લગાવાયો હતો. તમામ મામલે સાયબર ક્રાઈમ પોલીસે તપાસ હાથ ધરી છે. આમ, કુલ છ કિસ્સાઓમાં સાયબર ઠગોએ રૂ.59.71 લાખની છેતરપિંડી આચરી છે. શેરબજારમાં ઊંચા વળતરની લાલચથી લઈને લોન, નકલી ટ્રેડિંગ વેબસાઈટ, ટ્રાફિક દંડની બનાવટી લિંક અને કુરિયર ટ્રેકિંગના બહાને ઠગોએ લોકોને ફસાવ્યા હતા. ખાસ કરીને અજાણી APK ફાઈલ અને લિંક ખોલવાથી બેંક ખાતામાંથી રકમ ઉપડી જવાના કિસ્સાઓ સામે આવ્યા છે.

## ફેસબુક-વોટ્સએપથી મળેલી લીંકથી રોકાણની લાલચમાં લાખો ગુમાવ્યા, લોન અને ટ્રાફિક દંડના નામે પણ ખાતાં સાફ

### શેરબજારમાં નફાની લાલચ આપી વેપારી પાસેથી રૂ.૨૦.૬૯ લાખ પડાવ્યા

વાઘોડિયા રોડ વિસ્તારમાં રહેતા વેપારી હર્ષદ સૂર્યવંશીને ફેસબુક પર શેરબજારમાં ટ્રેડિંગની જાહેરાત જોવા મળતાં તેઓ વોટ્સએપ ગ્રૂપમાં જોડાયા હતા. ગ્રૂપ એડમિન અને મોતીલાલ ઓસ્વાલ



ફાઈનાન્શિયલ સર્વિસીસના નામે ઓળખ આપતી 'કૃપા' નામની યુવતીએ તેમને નકલી વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવી રોકાણ કરાવ્યું હતું. શરૂઆતમાં રોકાણ સામે નફો દર્શાવી વિશ્વાસ જીત્યા બાદ વેપારી પાસેથી અલગ-અલગ તબક્કે બેંક ખાતાઓમાં રૂ.20.69 લાખ જમા કરાવાયા હતા. નકલી વેબસાઈટ પર રૂ.2.11 લાખનો નફો દેખાતા વેપારીએ રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે વધુ નાણાં ભરવાની માંગણી કરી ખાતું બ્લોક કરી દેવાયું હતું. છેતરપિંડીનો અહેસાસ થતાં વેપારીએ 1930 પર ફરિયાદ નોંધાવી હતી. વાઘોડિયા પોલીસે ગુનો નોંધી બેંક ખાતાં, મોબાઈલ નંબર અને નાણાકીય વ્યવહારોના આધારે તપાસ શરૂ કરી છે.

### ટ્રાફિક દંડની ફેક લિંક ખોલતાં જ શાકભાજીના વેપારીના રૂ.૯૮ હજાર સાફ

વડોદરાના ખોડિયારનગરમાં રહેતા અને સયાજીપુરા APMC શાક માર્કેટમાં શ્રી ગણેશ એગ્રો નામની દુકાન ધરાવતા કિરીટભાઈ પરમારને ટ્રાફિક દંડ ભરવાના નામે મોકલાયેલી બનાવટી લિંક ખોલવી ભારે



પડી હતી. 2 સપ્ટેમ્બરે અજાણ્યા નંબર પરથી આવેલા SMSમાં તેમના વાહન નંબરનો ઉલ્લેખ કરી રૂ.1,000નો દંડ બાકી હોવાનું જણાવી લિંક મોકલાઈ હતી. વેપારીએ લિંક ખોલતાં મોબાઈલ પર અલગ-અલગ બેંકોના OTP આવવા લાગ્યા હતા, જેને તેમણે ડિલીટ કરી દીધા હતા. જોકે, 4 સપ્ટેમ્બરની રાત્રે તેમના બેંક ખાતામાંથી પહેલા રૂ.90 હજાર અને થોડી જ મિનિટોમાં વધુ રૂ.9 હજાર ઉપડી ગયા હતા. બે ટ્રાન્ઝેક્શનમાં કુલ રૂ.98 હજાર અન્ય ખાતામાં ટ્રાન્સફર થયાનું સામે આવ્યું હતું. છેતરપિંડીનો અહેસાસ થતાં વેપારીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. બાપોદ પોલીસે મોબાઈલ નંબર, ફેક લિંક તથા બેંક ખાતાધારકો અંગે તપાસ શરૂ કરી છે.

### કુરિયર ટ્રેકિંગના બહાને યુવકના ખાતામાંથી રૂ.૯૩ હજાર ઉપડી ગયા

ડભોઈના નવાપુરા વિસ્તારમાં રહેતા અને માણેજા ખાતે હીટાચી કંપનીમાં નોકરી કરતા 25 વર્ષીય સચીનભાઈ પાટણવાડીયા સાથે કુરિયર ટ્રેકિંગના બહાને રૂ.93 હજારની સાયબર છેતરપિંડી થઈ હતી. સચીનભાઈએ



ઈન્સ્ટાગ્રામ પર ક્રિકેટ બેટની રીલ જોઈ ઓર્ડર આપ્યો હતો. કુરિયર મોડું પડતાં તેમને ટ્રેકિંગ નંબર મળ્યો હતો. આ નંબર ગૂગલ પર ટ્રેક કરતાં મળેલા હેલ્પ સપોર્ટ નંબર પર તેમણે સંપર્ક કર્યો હતો. સામેથી વાત કરનાર શખ્સે ટ્રેકિંગ નંબર મેળવી વોટ્સએપ પર કસ્ટમર સપોર્ટ APK ફાઈલ મોકલી હતી. તેમાં એડ્રેસ અપડેટ કરવાથી કુરિયરની માહિતી મળશે તેમ કહી યુવક પાસે ફાઈલ ખોલાવી હતી. સચીનભાઈએ એડ્રેસ અપડેટ કરી સબમિટ કર્યા બાદ 9 સપ્ટેમ્બરે સાંજે તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ.93 હજાર ઉપડી ગયા હતા. છેતરપિંડીનો અહેસાસ થતાં તેમણે સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા શખ્સ સામે તપાસ શરૂ કરી છે.

### અજાણી APK ફાઈલ ડાઉનલોડ કરતાં નિવૃત્તના ખાતામાંથી રૂ.૯૮ હજાર સાફ

વડોદરા જિલ્લાના સિંધરોટ ગામના દરબારગઢમાં રહેતા નિવૃત્ત દેવેન્દ્રસિંહ જાદવના બેંક ખાતામાંથી રૂ.98 હજારની સાયબર છેતરપિંડી થઈ હતી. 8 સપ્ટેમ્બરે પરિવાર સાથે હોટલમાં ગયા બાદ ગૂગલ-પે



મારફતે પેમેન્ટ કરતાં ટ્રાન્ઝેક્શન લિમિટ પૂર્ણ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. તેમણે પુત્રને જાણ કરતાં ગૂગલ-પે હિસ્ટ્રી તપાસવામાં આવી હતી. તેમાં બપોરે 12:51 વાગ્યે UPI મારફતે રૂ.98 હજાર અન્ય વ્યક્તિના ગૂગલ-પે ખાતામાં ટ્રાન્સફર થયાનું સામે આવ્યું હતું. પોતે કોઈ ટ્રાન્ઝેક્શન કર્યું ન હોવાનું જણાતાં પિતા-પુત્રે 1930 સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ કરી હતી. બેંક કર્મચારીઓની સલાહથી મોબાઈલ તપાસતાં 'Iflix-2026.apk' નામની અજાણી ફાઈલ મળી આવી હતી. અજાણી APK ફાઈલ મારફતે બેંક ખાતામાંથી રકમ ઉપાડી અન્ય ખાતામાં ટ્રાન્સફર કરાઈ હોવાની ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

### બજાજ ફાઇનાન્સના નામે એન્જિનિયર સાથે રૂ.૧૮.૩૮ લાખની ઠગાઈ

ન્યુ સમા રોડ વિસ્તારમાં રહેતા અને બાજવા ખાતે સોપાન કંપનીમાં એન્જિનિયર તરીકે નોકરી કરતા સુરેંદ્રકુમાર પ્રસાદ સાથે બજાજ ફાઈનાન્સના કર્મચારી બની સાયબર ઠગાઈ કરવામાં આવી હતી. આરોપીઓએ



લોનનું ટોપઅપ કરાવવાથી વ્યાજદર ઘટાડી રૂ.20 લાખની લોન મંજૂર કરાવવાની લાલચ આપી હતી. અમન શર્મા અને અનીલ પ્રસાદે વિશ્વાસ કેળવી લોનની પ્રક્રિયા કરાવી હતી. ત્યારબાદ એન્જિનિયરના ખાતામાં રૂ.20 લાખ જમા કરાવી, તેમાંથી રૂ.15 લાખ અને અન્ય રૂ.5 લાખ અલગ-અલગ ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. લોન બંધ કરવાના નામે ક્લોઝર ચાર્જ નહીં લાગે તેમ કહી જુલાઈથી ઓગસ્ટ દરમિયાન વધુ રૂ.13.38 લાખ પડાવ્યા હતા. બાદમાં બજાજ ફાઈનાન્સના નામે NOC મોકલાઈ હતી. તપાસ કરતાં NOC બનાવટી હોવાનું બહાર આવતા એન્જિનિયરે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

### રોજના ૧૦% નફાની લાલચમાં વેપારીને રૂ.૧૭.૭૫ લાખનો ચૂનો

વડોદરાના વાસણા-ભાયલી રોડ વિસ્તારમાં રહેતા અને સુર્યા સિમેન્ટ આર્ટિકલમાં પાર્ટનર 43 વર્ષીય મીહિરકુમાર વડાલીયા શેરબજારની ઓનલાઈન ઠગાઈનો ભોગ બન્યા હતા. ફેસબુક પર આવેલા મેસેજમાં



શેરબજારની લિંક મળતાં તેઓ છ વોટ્સએપ ગ્રુપમાં જોડાયા હતા. ગ્રુપમાં રીતિકા આનંદ સહિતની ટીમ શેરના આઈડિયા આપતી અને નફાના સ્ક્રીનશોટ બતાવી રોકાણ માટે પ્રેરિત કરતી હતી. ત્યારબાદ VentSecPro એપ ડાઉનલોડ કરાવી 24 નવેમ્બરથી અલગ-અલગ પાંચ ટ્રાન્ઝેક્શનમાં કુલ રૂ.17.75 લાખનું રોકાણ કરાવાયું હતું. એપમાં સતત નફો બતાવવામાં આવતાં વેપારીનો વિશ્વાસ વધ્યો હતો. 30 ડિસેમ્બરે એપમાં રૂ.2.70 કરોડનો નફો દેખાડવામાં આવ્યો હતો. જોકે, રકમ ઉપાડવા જતાં રૂ.50.62 લાખ કમિશન ભરવાની માંગ કરાઈ હતી. નફામાંથી કમિશન કાપવાની રજૂઆત નકારી દેવાતાં વેપારીને શંકા ગઈ હતી. તેમણે 1930 પર ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઈમે તપાસ શરૂ કરી છે.

---

#### કરોડો રૂપિયાના વ્યવહાર અટવાયા

## શહેરમાં બેંક કર્મચારીઓની હડતાળથી બેંકિંગ સેવા ઠપ્પ,દેખાવો યોજી વિરોધ

**માંગ** સ્વીકારાશે નહિ તો અચોક્કસ મુદતની હડતાળની ચીમકી




(પ્રતિનિધિ) વડોદરા,તા.11

વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં જાહેર ક્ષેત્રની બેંકોના કર્મચારીઓએ અઠવાડિયામાં પાંચ જ દિવસ બેંક ચાલુ રાખવાની માંગ સાથે એક દિવસની હડતાળ પાડતા બેંકિંગ વ્યવહારો ખોરવાઈ ગયા છે. બેંકના કર્મચારીઓએ એકત્ર થઈ દેખાવો કરી ઉગ્ર સુત્રોચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો.

હડતાળને પગલે વડોદરા શહેર અને જિલ્લાની આશરે 800 જેટલી જાહેર ક્ષેત્રની બેંકોમાં રોજિંદું કામકાજ ઠપ થઈ ગયું હતું. યુનિયન આગેવાન કૈલાશ ખેમકરે જણાવ્યું હતું કે, બેંક કર્મચારીઓની મુખ્ય માંગ અઠવાડિયામાં 5 દિવસ એટલે કે સોમવારથી શુક્રવાર સુધી જ બેંકિંગ કામગીરી ચાલુ રાખવાની છે. શનિવાર-રવિવાર સંપૂર્ણ બંધ રાખવાની માંગ છે. કર્મચારીઓ દરરોજ ઓફિસ અવર્સથી 40 મિનિટ વધુ કામ કરવા પણ તૈયાર છે. આ માંગણી અંગે બે વર્ષ અગાઉ જ એમઓયુ થઈ ગયું હોવા છતાં અને માર્ચ 2024 માં સ્વીકારાયા બાદ પણ અમલ ન થતા આંદોલનનું આહ્વાન કરાયું છે. આ ઉપરાંત જૂની પેન્શન યોજના પુનઃ લાગુ કરવા, પેન્શન અપગ્રેડ કરવા અને ગ્રેજ્યુઈટી સહિતની પડતર માંગણીઓ પણ છે. આજે વડોદરામાં સયાજી હોસ્પિટલ રોડ પર વિવિધ બેંકોના કર્મચારીઓ એકઠા થયા હતા અને સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. કર્મચારીઓએ ચીમકી ઉચ્ચારી હતી કે જો સરકાર તેમની માંગ નહીં સ્વીકારે તો 26 ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ પાડવામાં આવશે. તે પહેલા 28 થી 30 સપ્ટેમ્બર દરમિયાન ફરી હડતાળ પડશે. રાજ્યવ્યાપી આ હડતાળમાં ઓલ ઈન્ડિયા બેન્ક એમ્પ્લોઈઝ, ઓલ ઈન્ડિયા બેન્ક ઓફિસર્સ કોન્ફેડરેશન, નેશનલ કોન્ફેડરેશન ઓફ બેન્ક એમ્પ્લોઈઝ સહિતના સાત મોટા યુનિયન જોડાયા છે.

## VGLની લાલ આંખ : ૩ દિવસમાં ૪૬ કનેક્શન કપાયા, ૫ લાખની વસૂલાત

**કારેલીબાગ** અને આસપાસના વિસ્તારોમાં સઘન ચેકિંગ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૧

વડોદરા ગેસ લિમિટેડ દ્વારા ગેસ બિલના બાકી લેણાં સમયસર ન ભરતા ગ્રાહકો સામે કડક કાર્યવાહીનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. શહેરમાં ગેસ બિલની રિકવરી ડ્રાઈવને વધુ વેગવંતી બનાવવામાં આવી છે, જેના ભાગરૂપે છેલ્લા ત્રણ દિવસથી કારેલીબાગ અને તેની આસપાસના વિસ્તારોમાં સઘન ચેકિંગ અને કપાતની કામગીરી ચાલી રહી છે.

VGLના અધિકારી હર્ષ રાજના જણાવ્યા અનુસાર, કારેલીબાગ અને નવી ધરતી વિસ્તારમાં ચાલતી આ ડ્રાઈવ દરમિયાન અત્યાર સુધીમાં અંદાજે ૩૦ લાખના બાકી લેણાં સામે કુલ ૪૬ જેટલા ગેસ કનેક્શન્સ કાપી નાખવામાં આવ્યા છે. આ સાથે જ, સ્થળ પર જ ગ્રાહકો પાસેથી ૫ લાખથી વધુની રોકડ રકમની વસૂલાત પણ કરવામાં આવી છે. માત્ર કારેલીબાગ વિસ્તારમાં જ હજુ આશરે ૫૦ લાખ જેટલું માતબર લેણું બાકી હોવાનું સામે આવ્યું છે. VGLની ટીમો દ્વારા ઘેર-ઘેર જઈને લાઈન ચેકિંગ કરવાની સાથેસાથે સ્થળ પર જ બાકી બિલ વસૂલવાની કામગીરી પણ જોરશોરથી ચાલી રહી છે. જે ગ્રાહકો સ્થળ પર જ બિલ ચૂકવવા માગે છે તેમના માટે VGLની ટીમ દ્વારા ઓન-સ્પોટ પેમેન્ટ કલેક્ટ કરવાની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાઈ છે. જોકે, જે ગ્રાહકો બિલ ભરવામાં ટાળટૂલ કરશે તેમના ગેસ કનેક્શન કાપવાની આ કાર્યવાહી સતત ચાલુ રહેશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે. બાકીદારો પોતાના બિલના પ્રશ્નો અને દંડના નિરાકરણ માટે આગામી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ દિવાળીપુરા કોર્ટ ખાતે યોજાનારી લોક અદાલતનો લાભ લઈ શકશે. સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા દરમિયાન યોજાનાર આ લોક અદાલતમાં ગ્રાહકો રૂબરૂ હાજર રહીને નિયમાનુસાર દંડ માફી કે બિલના પ્રશ્નો અંગે યોગ્ય સમાધાન મેળવી શકે છે તેવો અનુરોધ VGL દ્વારા કરાયો છે.

#### બાળકોનું રમતનું મેદાન અને વડીલોની વોકિંગ સ્પેસ છીનવાઈ જવાની ભીતિ

## અટલાદરા સ્થિત અટલ ગાર્ડનમાં સોલાર પેનલ સામે રહીશોનો રોષ

**છત અથવા** સરકારી ઇમારતો પર પેનલ લગાવવાની રજૂઆત

**કામગીરી** નહીં અટકે તો પાલિકા કચેરીએ આંદોલનની ચીમકી




(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરાના અટલાદરા સ્થિત અટલ ગાર્ડનમાં પાલિકા દ્વારા સોલાર પેનલ લગાવવાની કામગીરી સામે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગાર્ડનની ખુલ્લી જગ્યામાં સોલાર પેનલના સ્ટ્રક્ચર ઊભા કરાતા બાળકો માટે રમતનું મેદાન અને વડીલો માટેની વોકિંગ સ્પેસ ઘટી જવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા જાહેર સ્થળોએ સોલાર પેનલ લગાવવાનું આયોજન કરાયું છે. તેના ભાગરૂપે અટલ ગાર્ડનમાં પણ પેનલ અને લોખંડના સ્ટ્રક્ચર ઊભા કરવાની કામગીરી શરૂ થતાં સ્થાનિકો વિરોધમાં આવ્યા છે. રહીશોના જણાવ્યા મુજબ ગાર્ડનમાં દરરોજ બાળકો, મહિલાઓ, વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં રમતગમત, વોકિંગ અને કસરત માટે આવે છે.

સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે પેનલના મોટા સ્ટ્રક્ચરથી ગાર્ડનની ઉપયોગી ખુલ્લી જગ્યા રોકાઈ જશે. લોખંડના સ્ટ્રક્ચરને કારણે બાળકોને ઈજા થવાનો ભય પણ છે. રહીશોએ સ્પષ્ટ કર્યું કે તેઓ સોલાર એનર્જીના વિરોધમાં નથી, પરંતુ બગીચાની જગ્યા રોકવાના નિર્ણય સામે વાંધો છે. પાલિકા છત, સરકારી ઈમારતો અથવા પડતર જગ્યાઓનો ઉપયોગ કરી શકે તેવી માંગ કરી છે. કામગીરી નહીં અટકાવવામાં આવે તો પાલિકા કચેરીએ ઉગ્ર રજૂઆત અને આંદોલનની ચીમકી આપવામાં આવી છે.

## ગોત્રીમાં પાણીની મુખ્ય લાઈન તૂટતાં હજારો લિટર પાણી વહી ગયું



**દસથી** વધુ સોસાયટીઓનો પાણી પુરવઠો ખોરવાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.11

સંસ્કારી નગરી વડોદરાના ગોત્રી વિસ્તારમાં પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ પડતાં હજારો લિટર શુદ્ધ પાણી રસ્તા પર વહી ગયું હતું. અચાનક લાઈન તૂટતાં ધસમસતા પ્રવાહથી આસપાસના માર્ગો અને સોસાયટીના એપ્રોચ રોડ પર પાણી ફરી વળ્યું હતું. જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને પણ હાલાકી પડી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિકોએ પાલિકાના વોટર વર્ક્સ વિભાગને જાણ કરી હતી. જોકે, તંત્રની ટીમ પહોંચે તે પહેલાં મોટી માત્રામાં પાણી વેડફાઈ ગયું હતું. દરમિયાન લાઈનના સમારકામ માટે પાણી પુરવઠો બંધ કરાતાં ગોત્રીની દસથી વધુ સોસાયટીઓમાં પાણી સમયસર ન મળતાં રહીશોને મુશ્કેલી પડી હતી. લોકોને દૈનિક જરૂરિયાત માટે ટેન્કર સહિતની વૈકલ્પિક વ્યવસ્થાનો સહારો લેવો પડ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અગાઉ પણ ડ્રેનેજ તથા વિકાસકામો દરમિયાન પીવાના પાણીની લાઈનમાં ભંગાણની ઘટનાઓ બની ચૂકી છે. પાલિકા દ્વારા વારંવાર ઉપરછલ્લું સમારકામ કરાતું હોવાના આક્ષેપ વચ્ચે નગરજનોએ કાયમી ઉકેલની માંગ કરી છે. પાલિકાની ટીમે ભંગાણનું સમારકામ હાથ ધરી પાણી પુરવઠો પૂર્વવત કરવાની કામગીરી શરૂ કરી હતી.

## રેલવન એપથી હવે શેર કરી શકાય તેવી સીઝન ટિકિટ બુક થશે

(પ્રતિનિધિ) વડોદરા તા.11

રેલવેની રેલવન એપથી હવે શેર કરી શકાય તેવી યુટીએસ સીઝન ટિકિટ બુક કરી શકાશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે જણાવ્યું કે રજિસ્ટર્ડ યુઝર પોતાના માટે એક અને પરિવાર કે અન્ય વ્યક્તિ માટે વધુમાં વધુ પાંચ સીઝન ટિકિટ બુક કરી શકશે. ટિકિટ બુક કરનારની ઉંમર ઓછામાં ઓછી 18 વર્ષ અને લાભાર્થીની ઉંમર પાંચ વર્ષ હોવી જરૂરી છે. પોતાના માટેની ટિકિટમાં જિયો-ફેન્સિંગ વેરિફિકેશન ફરજિયાત રહેશે અને તેની માન્યતા બુકિંગના દિવસે શરૂ થશે, જ્યારે અન્ય વ્યક્તિ માટેની ટિકિટની માન્યતા બીજા દિવસથી શરૂ થશે. મુસાફરી દરમિયાન ટિકિટની સ્પષ્ટ પ્રિન્ટ અથવા મોબાઈલમાં પીડીએફ રાખવી પડશે. ટિકિટની વિગતો, ફોટો અને QR કોડ સ્પષ્ટ હોવા જરૂરી છે. QR કોડમાં ચેડા, નુકસાન અથવા તે અવાંચનીય હશે તો ટિકિટ અમાન્ય ગણાશે અને દંડ થઈ શકે છે.

#### ગોલ્ડન ક્રાફ્ટ પાસે ગંદકી કરનારા દુકાનદારો સામે દંડનીય કાર્યવાહી

## અસ્વચ્છતા ફેલાવશો તો ખેર નથી: ભાયલી વિસ્તારમાં પાલિકા ત્રાટકી, ૭ એકમો સીલ

**વોર્ડ નં. ૧૦ની** સેનેટરી અને રેવેન્યુ ટીમની એક્શનમાં; અન્ય વેપારીઓને નોટિસ પાઠવી

(પ્રતિનિધિ) વડોદરા તા.11

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનના આહ્વાન બાદ વડોદરા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. વડોદરા મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ તથા પશ્ચિમ ઝોન વિસ્તારના આસિસ્ટન્ટ કમિશનર જીતેન્દ્ર બ્રહ્મભટ્ટના સીધા માર્ગદર્શન હેઠળ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ વિવિધ વોર્ડ દીઠ સફાઈ કામગીરી અને તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

આ ઝુંબેશના ભાગરૂપે વોર્ડ નંબર ૧૦ ની સેનેટરી અને રેવેન્યુ ટીમ દ્વારા ભાયલી વિસ્તારમાં આવેલી નવરચના યુનિવર્સિટી નજીક ગોલ્ડન ક્રાફ્ટ પાસે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યાં આવેલી વિવિધ દુકાનો અને વ્યાપારી એકમો દ્વારા આસપાસના જાહેર વિસ્તારમાં મોટા પ્રમાણમાં કચરો ફેંકીને ગંદકી ફેલાવવામાં આવતી હોવાનું ધ્યાને આવ્યું હતું.



જાહેર આરોગ્ય અને સ્વચ્છતાના નિયમોના ઉલ્લંઘન બદલ વોર્ડ નંબર ૧૦ ની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગંદકી ફેલાવનારા વેપારીઓ સામે લાલ આંખ કરીને ટીમે કુલ ૭ એકમોને સીલ મારી દીધા હતા તથા નિયમોનું ઉલ્લંઘન કરનારા અન્ય એકમોને નોટિસ પાઠવવાની કામગીરી પણ હાથ ધરી છે.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો વેપારીઓ કે નાગરિકો દ્વારા જાહેરમાં કચરો ફેંકીને ગંદકી કરવામાં આવશે તો તેમની સામે આગામી સમયમાં પણ આવી જ રીતે કડક દંડનીય અને સીલિંગની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

## ડીજેના વાહનોના કારણે ટોળાં એકઠાં થતાં મુખ્ય માર્ગો પર ટ્રાફિકજામ

**અતિ ભારે** અવાજે વગાડીને ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા લોકો સામે પોલીસની કાર્યવાહી કેમ નહી?

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા શહેરમાં ગણેશ મહોત્સવની તડામાર તૈયારીઓ વચ્ચે વિવિધ ગણેશ મંડળો દ્વારા ભગવાન ગણેશજીની આગમન યાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આગમન યાત્રામાં ડીજેના સ્પીકરોના બેફામ ઉપયોગથી ધ્વનિ પ્રદૂષણ સર્જાતું હોવાની સાથે ડીજે વાહનો અને મોટી સંખ્યામાં એકત્ર થતા લોકોના ટોળાંને કારણે રસ્તાઓ પર ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાઈ રહી છે. ત્યારે જાહેર માર્ગો પર નિયમોનો ભંગ કરતા ડીજે સંચાલકો અને આયોજકો સામે પોલીસ દ્વારા કેટલી કાર્યવાહી કરવામાં આવી રહી છે તે અંગે સવાલો ઊભા થયા છે.

ગણેશ મંડળો દ્વારા ભગવાન ગણેશજીની આગમન યાત્રા પણ યોજવામાં આવી રહી છે. શ્રદ્ધા અને ઉત્સાહ વચ્ચે નીકળતી આ યાત્રાઓમાં ડીજેનો ઉપયોગ કરવામાં આવતો હોવાના કારણે કેટલાક વિસ્તારોમાં ભારે અવાજની સમસ્યા સર્જાતી હોવાની ફરિયાદો સામે આવી રહી છે. ડીજેના વાહનો રસ્તા પર આડેધડ ઊભા રાખવામાં આવતા અન્ય વાહનચાલકોને પસાર થવામાં મુશ્કેલી પડે છે અને ટ્રાફિકની લાંબી કતારો સર્જાય છે.

એક તરફ શહેર પોલીસ દ્વારા ટ્રાફિક નિયમોના પાલન માટે સતત ઝુંબેશ ચલાવવામાં આવે છે, તો બીજી તરફ ધાર્મિક આયોજનોની આડમાં જાહેર રસ્તાઓ પર ટ્રાફિક વ્યવસ્થા ખોરવાય અને ધ્વનિ પ્રદૂષણ થાય ત્યારે જવાબદાર સંચાલકો સામે કાર્યવાહી થાય છે કે કેમ તે ચર્ચાનો વિષય બન્યો છે. શ્રદ્ધાની આડમાં નિયમોનો ભંગ ન થાય અને સામાન્ય નાગરિકોને હાલાકી ન પડે તે માટે પોલીસ તથા ટ્રાફિક વિભાગ દ્વારા ડીજેના અવાજ, સમયમર્યાદા અને જાહેર માર્ગ પર ટ્રાફિક અવરોધ અંગે કડક કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તે હવે જોવાનું રહ્યું.